### કલર, કલ્લોલ અને ક્રેઝ: , સેલ્ફી અને રીલ્સનો છવાયો ક્રેઝ

# વડોદરામાં ધૂળેટી પર્વની રંગેચંગે ઉજવણી

**શહેરભરમાં ડ્રોન સર્વેલન્સ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ ઉજવણી; ઠેર-ઠેર ઠંડાઈ અને ખાન-પાનની જ્યાફત જામી**

( પ્રતિનિધિ ) વડોદરા,તા.5

સંસ્કારી નગરી વડોદરામાં આજે ધૂળેટી પર્વની અદભૂત અને જોરશોરથી ઉજવણી કરવામાં આવી હતી. શહેરના ખૂણે ખૂણે રંગ-ગુલાલની છોળો ઉડી હતી અને ડીજેના તાલે યુવાનો મન મૂકીને ઝૂમ્યા હતા. વહેલી સવારથી જ લોકો ટોળેટોળાં સ્વરૂપે બહાર નીકળી પડ્યા હતા, જેના કારણે સમગ્ર શહેર રંગીન માહોલમાં ગરકાવ થઈ ગયું હતું. શહેરના ભાયલી, સેવાસી અને આસપાસના વિસ્તારોમાં આવેલા ફાર્મ હાઉસ અને પાર્ટી પ્લોટ પર યુવાનોની ભારે ભીડ જોવા મળી હતી. અનેક ફોર્મ અને ખુલ્લા પ્લોટો હોય તેવા સ્થળોએ ભવ્ય ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં લાઈવ ડીજે, ઢોલના ધમાકા અને રેન ડાન્સની મજા માણવા માટે હજારોની સંખ્યામાં યુવક-યુવતીઓ ઉમટી પડ્યા હતા, સાથે સાથે વોટર પાર્ક જેવી સુવિધાઓએ આકર્ષણમાં વધારો કર્યો હતો. આ વર્ષે ધૂળેટીમાં ટેકનોલોજી અને સોશિયલ મીડિયાનો પ્રભાવ સ્પષ્ટ દેખાયો હતો.

દરેક ઈવેન્ટમાં યુવાનો ખાસ સેલ્ફી પોઈન્ટ્સ પર ફોટા પડાવતા અને રંગોથી લથપથ હાલતમાં ઈન્સ્ટાગ્રામ રીલ્સ બનાવતા નજરે પડ્યા હતા. અનેક સ્થળોએ ઈકો-ફ્રેન્ડલી અને ઓર્ગેનિક કલર તેમજ ફૂલોની હોળી રમાઈ હતી, જે પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ દર્શાવે છે. પાર્ટી પ્લોટ પર ખાણી-પીણીની પણ વિશેષ વ્યવસ્થા હતી. અનલિમિટેડ બ્રેકફાસ્ટ, લંચ અને સ્નેક્સના સ્ટોલ્સ પર લોકોની ભીડ જામી હતી.

ખાસ કરીને ધૂળેટીના પર્વ પર ઠંડાઈની જ્યાફત માણવામાં આવી હતી. આયોજકો દ્વારા પાર્કિંગ અને સિક્યોરિટીની ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવી હતી જેથી કોઈ અઘટિત ઘટના ન બને. શાંતિપૂર્ણ રીતે તહેવારની ઉજવણી થાય તે માટે શહેર પોલીસ સજ્જ જોવા મળી હતી. ફૂટ પેટ્રોલિંગ અને ડ્રોન સર્વેલન્સ દ્વારા બાજ નજર રાખવામાં આવી હતી. કેમિકલ યુક્ત રંગોના વપરાશ પર પ્રતિબંધના જાહેરનામાનું પણ ચુસ્ત પાલન કરાવવામાં આવ્યું હતું.



**પોલીસ કમિશનર અને ઉચ્ચ અધિકારીઓએ ફૂલોની હોળી રમી**

વડોદરા શહેરના પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓએ પણ કામગીરીના તણાવ વચ્ચે ધૂળેટીના પર્વની હળવાશથી ઉજવણી કરી હતી. પોલીસ પરિવાર માટે આયોજિત ખાસ કાર્યક્રમમાં અધિકારીઓ ઇકો-ફ્રેન્ડલી કલર અને ફૂલોથી હોળી રમતા નજરે પડ્યા હતા. કડક શિસ્ત પાળતા અધિકારીઓ આજે ડીજેના તાલે ડાન્સ અને મસ્તીમાં જોડાતા એક સૌહાર્દપૂર્ણ વાતાવરણ સર્જાયું હતું. ફરજની સાથે પરિવાર ભાવનાના આ દ્રશ્યોએ સૌના દિલ જીતી લીધા હતા.

---

### વગર વરસાદે આ હાલ છે તો ચોમાસામાં ભૂવામાં પડવા તૈયાર રહેજો!

# જ્યુપીટર ચાર રસ્તા પાસે 15 થી 17 ફૂટ ઊંડો ભૂવો પડ્યો:‘સ્માર્ટ’ દાવાઓ ધોવાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.5

‘સ્માર્ટ સિટી’ વડોદરાના રસ્તાઓ હવે વાહનચાલકો માટે મોતના કૂવા સમાન સાબિત થઈ રહ્યા છે. શહેરના વોર્ડ નંબર 17 માં આવેલા માંજલપુરના વ્યસ્ત એવા જુપીટર ચાર રસ્તા પાસે રસ્તાની વચ્ચોવચ આશરે 15 થી 17 ફૂટ ઊંડો મહાકાય ભૂવો પડતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ પાલિકાની કામગીરી અને ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. અચાનક રસ્તાની વચોવચ ભૂવો પડતા સ્થાનિક રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે આટલો ઊંડો ભૂવો પડવો એ સ્પષ્ટ કરે છે કે જમીનની અંદર ડ્રેનેજ કે પાણીની લાઈનોમાં લાંબા સમયથી લીકેજ હશે અથવા તો રસ્તાના કામમાં ભારે ભ્રષ્ટાચાર થયો છે. જુપીટર ચાર રસ્તા એ માંજલપુર નો વ્યસ્ત માર્ગ ગણાય છે, જ્યાંથી ચોવીસ કલાક હજારો વાહનો પસાર થાય છે. રસ્તાની વચ્ચોવચ આટલો ઊંડો ખાડો પડવો એ માત્ર કુદરતી ઘટના નથી, પણ એન્જિનિયરિંગની નિષ્ફળતા અને હલકી ગુણવત્તાના કામનું જીવતું જાગતું પ્રમાણ છે. આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે કરોડો રૂપિયાના ખર્ચે બનતા રસ્તાઓ



માત્ર ઉપરથી જ ‘ચકચકાટ’ હોય છે, અંદર તો ભ્રષ્ટાચારના પોલાણ જ ભરેલા છે. ભૂવો પડ્યો તે સમયે સદનસીબે કોઈ વાહનચાલક ત્યાંથી પસાર થઈ રહ્યો ન હતો, નહીંતર તે વાહન ચાલક સીધો મોતના મુખમાં ધકેલાય ગયો હોત. સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે પાલિકાને જાણ કરી અને પાલિકાની ટીમ દ્વારા જ્યાં ભૂવો પડ્યો છે તેની આસપાસ બેરીકેડિંગ કર્યું હતું. પરંતુ તંત્રની કુંભકર્ણી નિદ્રા હજુ પૂરેપૂરી ઉડી નથી. માત્ર માટી અને રોડા નાખીને ‘પેચવર્ક’ કરવાને બદલે, આ સમસ્યાના મૂળ સુધી પહોંચીને કાયમી ઉકેલ લાવવો જરૂરી છે. આ ભૂવો નથી, આ પાલિકાની બેદરકારીનું ગાબડું છે. જો આ રીતે જ રસ્તાઓ બેસતા રહેશે, તો વડોદરાના નાગરિકોએ ઘરની બહાર નીકળતા પહેલા વીમો લેવો પડશે.

---

### કરજણ-વડોદરા ફાયર બ્રિગેડની ટીમોએ આગ કાબૂમાં લીધી

# પોરની પ્રગતિ ગ્લોબલ કંપનીમાં આગ: ચોમેર ધુમાડાના ગોટેગોટા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.5

વડોદરા જિલ્લાના પોર વિસ્તાર પાસે આવેલી એક ખાનગી કંપનીમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. રામનાથ ગામ પાસે સ્થિત ‘પ્રગતિ ગ્લોબલ પ્રાઈવેટ લિમિટેડ’ નામની કંપનીના ખુલ્લા પ્લોટમાં પડેલા વેસ્ટ કચરામાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી. જોકે, ફાયર વિભાગની સતર્કતાને કારણે મોટી હોનારત ટળી હતી.

રામનાથ ગામની સીમમાં આવેલી પ્રગતિ ગ્લોબલ પ્રાઈવેટ લિમિટેડ, જે મુખ્યત્વે મચ્છરદાની બનાવવાનું કામ કરે છે, તેની પડતર જગ્યામાં રાખવામાં આવેલા વેસ્ટ મટીરિયલમાં બપોરના સમયે અચાનક આગ લાગી હતી. પ્લાસ્ટિક અને નેટના વેસ્ટને કારણે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને ધુમાડાના ગોટેગોટા આકાશમાં દેખાયા હતા, જેને પગલે કંપનીના કર્મચારીઓ અને આસપાસના



લોકોમાં ફાળ પડી હતી.આગ અંગેની જાણ થતા જ કરજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. વડોદરા ફાયર બ્રિગેડને પણ જાણ કરવામાં આવતા તેમની એક ટીમ મદદ માટે પહોંચી હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી ટૂંક સમયમાં જ આગને પ્રસરી જતી અટકાવી હતી અને તેના પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. આગ માત્ર વેસ્ટ મટીરિયલમાં જ લાગી હતી, જેના કારણે કંપનીના મુખ્ય પ્લાન્ટ કે મશીનરીને કોઈ નુકસાન થયું નથી.

---

## શહેરમાં તાપમાનનો પારો 37.2 ડીગ્રી નોંધાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.5

વડોદરા શહેરમાં ગરમીના તાપમાનમાં સામાન્ય વધારો થયો હતો. મહત્તમ તાપમાન ગુરુવારે 37.2 ડિગ્રી અને લઘુતમ તાપમાન 20 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે, સવારે હવામાં ભેજનું પ્રમાણ 47 ટકા અને સાંજે 25 ટકા રહ્યું હતું. જોકે બપોરે ગરમીનો પારો 38 ડિગ્રી સુધી પહોંચી ગયા બાદ 0.8 ડીગ્રીનો ઘટાડો થયો હતો.

શિયાળાની વિદાય સાથે જ ઉનાળાએ પોતાનો મીજાજ બતાવવાનું શરૂ કરી દીધું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં ગરમ પવન ફૂંકાવાને કારણે તાપમાનમાં હજુ પણ વધારો થશે. આગામી 90 દિવસ સુધી મેદાની અને અંતરિયાળ વિસ્તારોમાં આકરી ગરમી અને લૂ લાગવાની શક્યતાઓ સેવાઈ રહી છે. માર્ચ મહિનામાં ગુજરાતમાં હીટવેવના દિવસો સામાન્ય કરતા વધુ રહેવાની શક્યતા છે. આગામી સાત દિવસ એટલે કે 11મી માર્ચ સુધીમાં હવામાન શુષ્ક રહેવાની આગાહી છે.

---

### ઇજાગ્રસ્ત કાર ચાલકને સારવાર અર્થે ખસેડાયો

# પેવેલિયન પાસે કાર ચાલકે દિવાલ તોડી થાંભલા સાથે કાર ભટકાવી અકસ્માત સર્જ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.5

એમ.એસ.યુનિવર્સીટીના પેવેલિયન મેદાન પાસે એક કારના ચાલકે અકસ્માત સર્જ્યો હતો. સ્ટેયરિંગ પર કાબુ ગુમાવતા કાર દીવાલ તોડી થાંભલા સાથે અથડાઈ ગઈ હતી. જેમાં કારમાં સવાર યુવકો પૈકી એકને ઈજા થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાવને પગલે સયાજીગંજ પોલીસે આગળની કાર્યવાહી હાથધરી હતી

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીના પેવેલિયન મેદાન પાસે બેફામ કારના ચાલકે અકસ્માત સર્જ્યો હતો. કાર એટલી જોરદાર સ્પીડમાં હતી કે, પેવેલિયનની દિવાલ તોડીને થાંભલા સાથે અથડાઈ ગઈ હતી. સર્જાયેલા અકસ્માતમાં કારના આગળના બોનેટ ઉડી ગયા હતા અને કુરચે-કુર્ચા થઈ ગયા હતા. ડ્રાઈવરની સીટની બંને



એરબેગ્સ ખુલી ગઈ હતી. અકસ્માતમાં કાર ચાલક ઘાયલ થયો હતો. બનાવને પગલે યુનિવર્સીટી પેવેલિયન સ્ટાફ સહિત પોલીસ આવી પહોંચી હતી અને ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે ખસેડયો હતો. યુનિવર્સિટીના સુપરવાઈઝર હેમંત પ્રજાપતિએ જણાવ્યું હતું કે, કાર ચાલક સ્પીડમાં હતો અને પેવેલિયનની દિવાલ તોડી નાખી છે. અકસ્માત કેવી રીતે થયો તે અમને જાણ નથી. ઘટના સ્થળે કાર માલિકનો મિત્ર ભાવેશ પણ આવી પહોંચ્યો હતો. તેણે જણાવ્યું હતું કે, કાર કોણ ચલાવતું હતું તે જાણ નથી. કારમાં બેથી ત્રણ જણા હતા. કારનું સ્ટેયરિંગ લોક થઈ ગયું હોય તેમ લાગે છે. સદનસીબે અકસ્માતમાં મોટી જાનહાનિ થતા ટળી હતી. સમગ્ર મામલે સયાજીગંજ પોલીસે આગળની કાર્યવાહી હાથધરી હતી.

---

### અનગઢ પાસે ફ્રેન્ચવેલ નજીક નાગરિકોના સ્વાસ્થ્ય સાથે રમત

# અજાણ્યા તત્વો દ્વારા નદીમાં ઝેર ઘોળતા હજારો માછલીઓના મોત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.5

મહીસાગર નદી અત્યારે શ્રદ્ધા નહીં પણ ગંભીર વિવાદ અને પ્રદૂષણના કારણે ચર્ચામાં છે. વડોદરા જિલ્લામાંથી વહેતી મહીસાગર નદીમાં કેટલાક અજાણ્યા અસામાજિક તત્વો દ્વારા રાત્રિના સમયે ઝેરી દવા નાખીને માછલીઓ અને જિંગા મારવામાં આવતા હોવાનો સનસનીખેજ ખુલાસો થયો છે. નદી કિનારે હજારોની સંખ્યામાં મૃત હાલતમાં મળી આવેલા જળચર જીવોને કારણે સ્થાનિકો અને સામાજિક કાર્યકરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે જ્યાં આ પ્રવૃત્તિ થઈ રહી છે તેની નજીક જ ફ્રેન્ચવેલ અને આરઓ પ્લાન્ટ આવેલા છે. આ પ્લાન્ટ્સ દ્વારા વડોદરા અને આણંદ જિલ્લાના અનેક વિસ્તારોમાં પીવાનું પાણી સપ્લાય કરવામાં આવે છે. અનગઢ ગામના રહીશોએ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, “આ સીધું જ નાગરિકોના સ્વાસ્થ્ય સાથે રમત છે. દોઢ મહિના અગાઉ પોલીસને જાણ કરાઈ હતી, પરંતુ પુરાવાના અભાવે શંકાસ્પદ શખસો છૂટી ગયા હતા. હવે તંત્રએ કડક હાથે કામ લેવું જ પડશે.” આ ગંભીર મામલે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધિકારી માર્ગીબેન પટેલે જણાવ્યું હતું કે, “અત્યાર સુધી કોઈ સત્તાવાર લેખિત ફરિયાદ મળી નથી. જો ફરિયાદ મળશે તો અમે પાણીના સેમ્પલ લઈશું.” જોકે, તેમણે સ્વીકાર્યું હતું કે વહેતા પાણીમાં ઝેરની અસર પારખવી મુશ્કેલ હોય છે, તેથી તેમણે ફિશરીઝ વિભાગ દ્વારા માછલીઓનું પોસ્ટમોર્ટમ કરાવવાની સલાહ આપી છે. છેલ્લા એક મહિનામાં આવી 3 થી 4 ઘટનાઓ બની ચૂકી છે. સ્થાનિક નાવિકો આ તત્વોને રંગેહાથ પકડવા મથે છે, પરંતુ અંધારામાં કોતરોનો લાભ લઈ આ શખસો ફરાર થઈ જાય છે. હવે જોવાનું એ રહે છે કે વડોદરા અને આણંદનું કલેક્ટર તંત્ર આ જીવલેણ પ્રવૃત્તિ અટકાવવા માટે ક્યારે જાગશે.

---

### નશામાં ચકચૂર આરોપીનો બફાટ, મારા માથા પર પાણી નાખો

# ગોરવાના મધુનગર પાસે નશામાં ધૂત બાઈક ચાલકે મહિલાને ઉડાવી, આરોપીની ધરપકડ

(પ્રતિનિધિ), વડોદરા. તા.5

સંસ્કારી નગરી વડોદરામાં નશાખોર વાહનચાલકોનો આતંક યથાવત છે. શહેરના ગોરવા વિસ્તારમાં ગઈકાલે રાત્રે દારૂના નશામાં ચકચૂર એક બાઈક GJ 06 MG 0959 ચાલકે પગપાળા જઈ રહેલા મહિલાને જોરદાર ટક્કર મારતા ચકચાર મચી ગઈ હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી આરોપીની ધરપકડ કરી અકસ્માત અને પ્રોહીબિશનનો ગુનો નોંધ્યો છે. કરોડીયા રોડ પર રહેતા 33 વર્ષીય રીનાબેન હિતેશભાઈ વસાવા ગત 4 માર્ચના રોજ રાત્રે 8:45 વાગ્યાના સુમારે જમીને લટાર મારવા નીકળ્યા હતા. તેઓ મધુનગર પાસેથી રોડ ક્રોસ કરીને પરત ઘરે જઈ રહ્યા હતા, ત્યારે પાછળથી પૂરઝડપે આવી રહેલા વિવેક શ્રીવાસ્તવ નામના બાઈક ચાલકે તેમને અડફેટે લીધા હતા.



આ અકસ્માતમાં રીનાબેનને શરીરે ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં જ સોસાયટીના લોકો તથા તેમના પતિ હિતેશભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ઈજાગ્રસ્ત રીનાબેનને તેમના પતિએ કારમાં બેસાડીને ગોત્રી જનરલ હોસ્પિટલમાં લઈ જઈને સારવાર અર્થે દાખલ કરાવી હતી. હાલ તેમની સારવાર ચાલુ છે. અકસ્માત સર્જનાર યુવક વિવેક શ્રીવાસ્તવ એટલી હદે નશામાં હતો કે તેને ભાન પણ નહોતું. પોલીસ જ્યારે તેની ધરપકડ કરવા પહોંચી ત્યારે તેણે પોલીસ સામે અજીબ માંગણીઓ શરૂ કરી હતી. આરોપીએ લથડતી જીભે કહ્યું હતું કે, અરે, મારો હાથ તો કોઈ પકડો યાર. મારી વાત સાંભળો. મારા માથા પર થોડું પાણી નાખી આપો, મારી આંખ ખુલે પછી તમારે જે કરવું હોય તે કરજો, ખાલી માથા પર થોડું પાણી નાખી આપો. ગોરવા પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ભોગ બનનાર મહિલાની ફરિયાદના આધારે ગુનો દાખલ કર્યો છે. પોલીસે આરોપી વિવેક શ્રીવાસ્તવ વિરુદ્ધ બેદરકારીપૂર્વક વાહન ચલાવવા બદલ અકસ્માતનો અને દારૂ પીધેલી હાલતમાં હોવાથી પ્રોહીબિશન એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

### સાસરિયાઓએ અનેક બહાના હેઠળ નાણા પડાવ્યા હતાં

# પરિણીતાએ રૂા.2.67 લાખ પરત માગતા મારઝૂડ

(પ્રતિનિધિ), વડોદરા. તા.5

નવાપુરા મહેબુબપુરા ખાતે લગ્ન કરનાર પરીણીતા પાસેથી અલગ અલગ બહાને પતિ અને સાસરીયાએ રૂપિયા 2.67 લાખ પડાવી લીધા હતા. પરંતુ પરીણીતાએ માગણી કરતા તેમના પર શારીરિક માનસિક ત્રાસ ગુજારવા સાથે મારઝૂડ પણ કરતા હતા. આખરે કંટાળીને પરીણીતાએ પતિ અને સાસરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના પ્રતાપનગર સિંધવાઈ માતા રોડ પર આવેલી સાઈ આસ્થા એપાર્ટમેન્ટમાં રહેતા વિનિતાબેન ઠાકોર લગ્ન નવાપુરા વિસ્તારમાં આવેલા મહેબુબપુરા ભાથુજીના મહોલ્લામાં રહેતા મિતેશ રસીક ઠાકરો સાથે સમાજના રીતરિવાજ મુજબ થયા હતા. લગ્નના થયા બાદ 27 જાન્યુઆરી 2026થી આજ દીન સુધીમાં પતિ મિતેશ તથા સુધા ઠાકોર, રીટા ઠાકોર થા ધ્રુવી ઉર્ફે સોનું ઠાકોર મળી રૂપિયા દ્વારા મહિલા પાસેથી રૂપિયા 2.67 લાખ કોઈને કોઈ બહાને લઈલીધા હતા. જેથી મહિલાએ પતિ સહિતના સાસરીયા સામે રૂપિયાની માગણી કરી હતી. ત્યારે પતિ સહિતના સાસરીયા દ્વારા પરીણીતા પર શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. પરંતુ ઘર સંસાર બગડે નહી તેના માટે તેમનો ત્રાસ પરીણિતા સહન કરતી હતી. પરંતુ ત્યારબાદ નાની નાની બાબતો પણ તેમના બહાના કાઢીને પરીણીત સાથે ઝઘડા કરી મારઝૂડ કરતા હતા અને મારી નાખવાની ધમકી પણ આપતા હોય કંટાળી ગયેલી પરીણીતાએ પતિ મિતેષ ઠાકોર, સુધા ઠાકોર, રીટા ઠાકરો તથા ધ્રુવી ઠાકોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

---

### સ્પીડનો રોમાંચ કે મોતનો ખેલ ? :

# ભાયલી કેનાલ રોડ પર ઈકો ચાલકની બેદરકારીથી અકસ્માત, હોનારત ટળી

(પ્રતિનિધિ), વડોદરા. તા.5

વડોદરાનો પોશ અને વિકસિત ગણાતો ભાયલી કેનાલ રોડ આજે ફરી એકવાર ચર્ચામાં છે, પણ કોઈ વિકાસના કામ માટે નહીં, પરંતુ એક અકસ્માત માટે. ગત રોજ એક બેફામ ગતિએ આવતી ઈક્કો કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવ્યો અને કાર સીધી રોડના ડિવાઈડર પર ચઢી ગઈ. કેનાલ રોડ પર વાહન ચલાવતી વખતે કેટલાક લોકો પોતાને પાયલોટ સમજી બેસે છે. સ્ટેયરિંગ હાથમાં આવતા જ સંયમ કેમ ખોવાઈ જાય છે ? શું રસ્તા પર રહેલા ડિવાઈડર માત્ર સજાવટ માટે છે ? આજે તો માત્ર ગાડી ડિવાઈડર પર ચઢી, પણ જો સામે કોઈ માસૂમ બાળક કે ટુ-વ્હીલર ચાલક હોત તો તેની જવાબદારી કોની ? રોડ ખુલ્લો દેખાય એટલે એક્સિલરેટર પર પગ દબાવવો એ બહાદુરી નથી, પણ મૂર્ખામી છે. અકસ્માત બાદ કાર ચાલકને તો કદાચ નાની-મોટી ઈજા થઈ હશે અથવા તે બચી ગયો હશે, પણ રસ્તા પર ચાલતા નિર્દોષ લોકોનો શું વાંક ? શું ટ્રાફિકના નિયમો માત્ર દંડ ભરવા માટે જ છે ? શું સ્પીડ લિમિટના બોર્ડ માત્ર રસ્તાની શોભા વધારવા માટે છે ? શું પોતાની અને બીજાની જિંદગીની કોઈ કિંમત નથી ? માત્ર તંત્રને દોષ દેવાથી કંઈ વળવાનું



નથી. પોલીસ સીસીટીવી લગાવશે, દંડ ફાડશે, પણ જ્યાં સુધી વાહન ચલાવનારના મગજમાં ‘જવાબદારી’ નું બટન ચાલુ નહીં થાય ત્યાં સુધી આવા કિસ્સાઓ બનતા રહેશે. કેનાલ રોડ હવે પિકનિક સ્પોટ કે સ્પીડ ટેસ્ટિંગ ટ્રેક નથી રહ્યો, એ હજારો લોકોની અવરજવરનો મુખ્ય માર્ગ છે. આજની આ ઘટના એક વોર્નિંગ બેલ (ચેતવણીની ઘંટડી) છે. આજે નસીબ જોરે મોટી હોનારત ટળી છે, પણ યાદ રાખજો, નસીબ દર વખતે વહારે નથી આવતું. ભાયલીના રસ્તા પર નીકળતા પહેલા એટલું જરૂર વિચારજો કે ઘરે તમારી કોઈ રાહ જોઈ રહ્યું છે, અને રસ્તા પર ચાલતા બીજા લોકોના ઘરે પણ કોઈની રાહ જોવાઈ રહી છે. જાગો વડોદરા, જાગો. તમારી એક સેકન્ડની ઉતાવળ કોઈના ઘરનો દીપક બુઝાવી શકે છે.

---

**કરૂણાંતિકા** ભીમપુરા નર્મદા કેનાલમાં ડૂબેલા યુવકનો મૃતદેહ મળી આવ્યો : પત્તો નહિ લાગતા બીજા દિવસે પણ બે વ્યક્તિઓની શોધખોળ જારી

# સમા નર્મદા કેનાલ સહિત મહીસાગર નદીમાં ત્રણ ડૂબ્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.5

વડોદરા શહેરની સમા-છાણી નર્મદા કેનાલમાં 25 વર્ષીય યુવક અજય શર્મા તેના મિત્ર સાથે નહાવા માટે ગયો હતો. આ દરમિયાન અજય શર્મા અચાનક ડૂબવા લાગ્યો હતો. ઘટનાની જાણ થતા વડોદરા ફાયર બ્રિગેડની ટીમ ઘટના દોડી ગઈ હતી અને યુવકની શોધખોળ શરૂ કરી હતી. જોકે મોડીરાત સુધી યુવકનો કોઈ પતો લાગ્યો ન હતો, જેથી આજે ફરી શોધખોળ શરૂ કરાઈ છે.



આશીષ, મૃતક

વડોદરા શહેરના સમા-છાણી કેનાલ વિસ્તારમાં ધૂળેટી રમ્યા બાદ સ્નાન કરવા ગયેલા બે યુવાનોમાંથી એક યુવાન કેનાલમાં તણાયો હતો. ફાયર બ્રિગેડ દ્વારા તાત્કાલિક શોધખોળ હાથ ધરાઈ છે. નોંધનીય છે કે શહેર પોલીસ કમિશનર દ્વારા નદી-નાળામાં સ્નાન કરવા પ્રતિબંધ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. સમા-છાણી કેનાલ વિસ્તારમાં ગતરોજ સાંજના સમયે બે યુવાનો ધૂળેટી રમ્યા બાદ નાહવા માટે કેનાલ પાસે ગયા હતા. તે દરમિયાન બે પૈકી એક યુવાન અચાનક પાણીના પ્રવાહમાં તણાઈ ગયો હોવાની માહિતી મળી હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને કેનાલમાં તણાયેલા યુવાનની શોધખોળ શરૂ કરી હતી. બીજી તરફ વડોદરા નજીક ભીમપુરા ચેકપોસ્ટ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં 25 વર્ષનો યુવક આશિષ વર્મા ડૂબ્યો હતો. ઘટનાની જાણ થતા વડીવાડી ફાયર સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. એક કલાકની જહેમત મૃતદેહને બહાર કાઢ્યો હતો અને પોસ્ટમોર્ટમ માટે ગોત્રી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. ગોત્રી ચંદ્ર મૌલેશ્વરમાં રહેતા 19 વર્ષીય આશિષ જે પોલોક્લબ ક્રિકેટ એકેડમી એસઆરપી ગ્રાઉન્ડમાં ક્રિકેટ રમતા હતા. પરંતુ ધુળેટીના દિવસે ત્રણ મિત્રો સાથે ભીમપુરા કેનાલ પાસે ચાલતા જતા હતા. દરમિયાન આ યુવાનનો પગ લપસતા આ યુવકનું મોત થયું હતું. ફાયરબ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ યુવકને બહાર કાઢી અને સારવાર માટે ગોત્રી હોસ્પિટલમાં લવાયો હતો. જોકે યુવકનું મોત થયું હતું. આ બનાવને લઈને પરિવાર અને ક્રિકેટ એકેડમીના યુવાનોમાં શોકનું મોજું પ્રસરી જવા પામ્યું હતું. ત્રીજી ઘટનામાં ઉમેટા મહીસાગર બ્રિજ પાસે મહીસાગર નદીમાં એક અજાણી વ્યક્તિ ડૂબી હતી, જેની જાણ થતાં વડોદરા ફાયર બ્રિગેડની ટીમે તેની શોધખોળ શરૂ કરી છે. જોકે, હજુ સુધી તેનો કોઈ પત્તો લાગ્યો નથી.



**ફાયરબ્રિગેડના જવાનો યુવાનને શોધવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે**

વોર્ડ નંબર-2 ના સમા-છાણી નર્મદા કેનાલ પાસે ચામુંડાનગર વિસ્તારમાં બપોરે 3 થી 4 વાગ્યાના અરસામાં બે યુવાનો સ્નાન કરવા આવ્યા હતા. તેમાંથી એક યુવાન પાણીમાં તણાઈ ગયો હતો. પરિવાર દ્વારા સાંજે 5:30 થી 6 વાગ્યાની આસપાસ ટેલિફોનિક જાણ કરવામાં આવી હતી. આ માહિતી મળતા જ અમે તાત્કાલિક ફાયર બ્રિગેડ અને પોલીસ વિભાગને જાણ કરી હતી. અત્યારે ફાયરના જવાનો યુવાનને શોધવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે અને આગળની કાર્યવાહી ચાલુ છે. **મહાવીરસિંહ રાજપૂત,** કાઉન્સિલર

---

### જાંબુઆના ગોકુલ ડુપ્લેક્સ પાસેથી 10 ફૂટના મગરનું રેસ્ક્યુ કરાયું

# જાહેર માર્ગ પર મગરનું નાઈટ વોક, વાહનચાલકોએ વીડિયો વાયરલ કર્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.5

વડોદરા શહેરના ઊર્મિ બ્રિજ ઉપર એક મહાકાય મગર લટાર મારતો જોવા મળ્યો હતો. જે મગરને જોઈને માર્ગ પરથી પસાર થઈ રહેલા વાહન ચાલકો રોકાઈ ગયા હતા અને મગરની લટારનો વીડિયો બનાવી વાયરલ કર્યો હતો. જ્યારે બીજા બનાવમાં જામ્બુવા બ્રિજ પાસે ગોકુલ ડુપ્લેક્સ પાસે 10 ફૂટનો મગર આવી ચડતા લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. આ બંને મગરોને વનવિભાગ દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા.

વડોદરાને સંસ્કારી નગરીની સાથે સાથે મગરોની નગરી તરીકે પણ ઓળખવામાં આવે છે. શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદી મગરોનું આશ્રય સ્થાન છે. દર વખતે વરસાદી માહોલમાં મગરો રહેણાંક વિસ્તાર અને જાહેર માર્ગો ઉપર મગર આવી જતા હોવાની ઘટનાઓ બની છે. ત્યારે, શહેરના સમા-સાવલી રોડ પર આવેલા ઉર્મિ બ્રિજ પર મોડી રાત્રે 10 ફૂટનો મહાકાય મગર આવી જતા રસ્તા પર દોડધામ મચી ગઈ હતી. મગર મુખ્ય રોડ પર લટાર મારતો જોવા મળ્યો હતો. જેથી લોકોના ટોળેટોળા રોડ પર એકત્ર થઈ ગયા હતા. એક રાહદારીએ વનવિભાગને કોલ કરતા તુરંત જ



વનવિભાગ અને જીવદયા પ્રેમીઓ દોડી ગયા હતા અને મગરને સહીસલામત રીતે રેસ્ક્યુ કરીને વનવિભાગ લઈ જવામાં આવ્યો હતો. બીજા બનાવમાં જામ્બુવા બ્રિજ પાસે ગોકુલ ડુપ્લેક્સ પાસે 10 ફૂટનો મગર આવી ચડતા લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી અને એક બાળકે મગર જોતા પોતાની માતાને જાણ કરી હતી. જેથી સ્થાનિક રહીશોએ તરત આ અંગેની જાણ વનવિભાગ અને જીવદયા સંસ્થાને કરી હતી. જેથી વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચીને મગરને રેસ્ક્યુ કર્યું હતું. જામ્બુવા નદી નજીક છે અને સોસાયટીની બાજુમાં આવેલા તળાવમાં પણ મગર આવી જાય છે, જેથી અવારનવાર સોસાયટી પાસે મગરો આવી જતા હતા. જોકે મગરનું રેસ્ક્યુ કરવામાં આવતા લોકોએ રાહત અનુભવી છે.